આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

વિપરીત સંજોગોમાં મોટાભાગના લોકો તૂટી જતા હોય છે, તો કેટલાક રેકોર્ડ તોડતા હોય છે
- શિવ ખેરા

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૧૫૮ | ૨૦ ઓગસ્ટ, ૨૦૧૪, બુધવાર; શ્રાવણ વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## NEWS બિટ્સ

**● આજે જેવીએમ ભાજપ સાથે મર્જ થશે**

જેવીએમના નામે ઓળખાતા ઝારખંડ વિકાસ



મોરચા નામની પાર્ટી ૨૦મી ઓગસ્ટે ભાજપમાં ભળી જશે. ઝારખંડના પૂર્વ મુખ્યમંત્રી અર્જુન મુંડાએ આજે આ મુજબની જાહેરાત કરી હતી. ઝારખંડની અન્ય એક પાર્ટી ઝારખંડ દિસમ પાર્ટી (જેડીપી) પણ ભાજપમાં મર્જ થઈ ગઈ હતી.

**● ભ્રષ્ટ્રાચાર સામે કડક પગલાં લેવાશે : મોદી**

ભ્રષ્ટ્રાચાર દેશને ખોખલો બનાવી રહ્યો છે. ભ્રષ્ટ્રાચાર જેવા



રાક્ષસને હવે વધુ દિવસ આ દેશ સહન કરી શકે તેમ નથી. દેશભરમાં એક બીમારીની જેમ ફેલાઈ રહેલા આ રોગને નાથવા હવે કડક પગલાં લેવા જ પડશે. એમ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે. હરિયાણાના એક શહેરમાં યોજાયેલા એક કાર્યક્રમમાં પીએમ મોદીએ આ વાત કરી હતી.

# ગાંધીનગરના ફતેપુરામાં લઠ્ઠાકાંડની આશંકા

### સે-૧૫ ફતેપુરા રોડ પરથી રઝળતી હાલતમાં બે યુવાનો મળ્યા : એક મૃત હાલતમાં અને બીજો બેભાન હતો : દેશી દારૂની અસર થયાની આશંકા : ઉચ્ચ પોલીસ અધિકારીઓ દોડતા થયા : મૃતકનું પી.એમ. પેનલ ડોકટરથી કરાશે : પી.એમ. બાદ સાચુ કારણ બહાર આવશે : પોલીસ



ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરના ફતેપુરા ગામની સીમમાં રોડની સાઈડમાં બે યુવાનો રઝળતી હાલતમાં પડયા હોવાની જાણ ૧૦૮ એમ્બ્યુલન્સ અને પોલીસને થતા ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી. જે પૈકી એક મૃત હાલતમાં હતો જયારે બીજો બેભાન હાલતમાં હતો. બેભાન યુવાનને તાત્કાલીક સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યો છે. ફતેપુરામાં દેશી દારુ પીવાથી બંનેની હાલત દયનીય થઈ હોવાનું પ્રાથમિક તબક્કે જાણવા મળ્યું છે. ફતેપુરામાં લઠ્ઠાકાંડ સર્જાયો હોવાની આશંકાથી ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ ઘટના સ્થળે દોડી ગયા હતાં. મૃતકનું પી.એમ. પેનલ ડોકટરથી કરવા નિર્ણય લેવાયો છે. પી.એમ. બાદ મૃત્યુનું સાચું કારણ બહાર આવશે તેમ પોલીસનું કહેવું છે.

મળતી માહિતી મુજબ સે-૧૫ ફતેપુરા પાસે છાપરાથી થોડે દુર રસ્તાની બાજુમાં સવારે આઠેક વાગ્યાથી બે અજાણ્યા યુવાનો રઝળેલા પડયા હતાં. બંને યુવાનો બપોર સુધી ઉભા ન થતા ૧૦૮ એમ્બ્યુલન્સને બપોરે જાણ કરવામાં આવતા ટીમ પહોંચી ગઈ હતી જયાં એક યુવાન મૃત હાલતમાં તો બીજો યુવાન બેભાન હાલતમાં હોવાનું જાણવા મળ્યું હતું. ગંભીર યુવાનને ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવામાં આવ્યો હતો અને આઈસીયુમાં દાખલ કરવામાં આવ્યો હતો. બંને યુવાનોની દારુની અસર લાગી હોવાની વિગતો ધ્યાને આવતા લઠ્ઠાકાંડની દહેશતને પગલે જિલ્લા પોલીસ દોડતી થઈ ગઈ હતી જે યુવાનું મૃત્યુ થયું છે તેનું પોસ્ટ મોર્ટમ પેનલ ડોકટરની મદદથી કરવામાં આવશે. પ્રાથમિક તબક્કે દવા પીવાથી આ હાલ થયો હોવનું પોલીસનું માનવુ છે તેમ છતાં પીએમ રીપોર્ટ બાદ મોતનું સાચું કારણ બહાર આવશે તેમ પોલીસનુ કહેવું છે.

# સ્વચ્છતા નહિ જાળવનાર સામે મનપાની લાલઆંખ

### સ્વચ્છતા નહિ જાળવનારાઓ સામે હવે કોર્પોરેશન દંડનીય કાર્યવાહી કરશે : જાહેરનામુ પ્રસિધ્ધ કરાયુ : રૂ. ૧૦૦ થી રૂ. ૫ હજાર સુધીનો દંડ વસુલાશે : વારંવાર ગુના કરનાર સામે ભારતીય ફોજદારી ધારાની જોગવાઈ મુજબ કાર્યવાહી થશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર મહાનગરપાલિકાએ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ-૨૦૦૦ અન્વયે જાહેર તેમજ ખાનગી મિલ્કતોમાંથી ઉત્પન્ન થતા કચરાના નિકાલ માટે સહકાર નહિ આપનારાઓ સામે દંડનીય કાર્યવાહી કરવાનો નિર્ણય કરી આ અંગેનું જાહેરનામુ પ્રસિદ્ધ કર્યું છે.

મહાનગરપાલિકાએ ગંદકી કરનારાઓ સામે રૂ. ૧૦૦ થી રૂ. ૫૦૦૦ સુધીના દંડની જોગવાઈ કરી છે. આ જાહેરનામામાં જ દર્શાવાયું છે કે આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર સામે ગુજરાત પ્રોવીન્શિયલ મ્યુનિ. કોર્પો. અધિનિયમ ૧૯૪૮, સોલિડવેસ્ટ મેનેજમેન્ટ તથા ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ જાહેરનામામાં જણાવાયું છે કે પોતાના ઘરમાંથી કે દુકાનમાંથી ઉત્પન્ન થતા કચરાના વ્યવસ્થિત પાત્રમાં એકઠો કરી રાખવો એ દરેક વ્યક્તીની ફરજ છે. પરંતુ એવું જણાઈ આવેલ છે કે અમુક વ્યક્તીઓ પોતાના ઘર, દુકાન, હોટલ, રેસ્ટોરન્ટ, લારી ગલ્લા વગેરેમાં કચરો વ્યવસ્થિત પાત્રમાં એકત્રિત કરી રાખવાને બદલે જાહેર રસ્તા પર ખુલ્લો નાંખવામાં આવે છે. જેના કારણે જાહેર આરોગ્યને હાનિ પહોંચે તેવો ભય ઉત્પન્ન થાય છે.

આ જાહેરનામામાં જણાવાયા મુજબ સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ રૂલ્સ-૨૦૦૦ તથા ભારતીય ફોજદારી અધિનિયમમાં દંડની તથા ૬ માસ સુધીની સજાની જોગવાઈ કરવામાં આવેલી છે.

મ્યુનિ. કોર્પો. અધિનિયમ-

● અનુસંધાન પાન-૭ પર

## કોને-કેટલો દંડ વસુલાશે

| વિગત | વસુલ લેવાના વહીવટી ચાર્જ પેટે રૂ. |
|---|---|
| રહેઠાણના મકાનદીઠ | ૧૦૦ |
| લારી/ગલ્લા/કેબીન | ૨૦૦ |
| બિન અધિકૃત પાથરણા/લારીવાળા અન્ય રીતે વેપાર કર્તા | ૫૦૦ |
| શાકભાજી/ફ્રુટની લારી/ઓટલા/ કેબીન | ૫૦૦ |
| દુકાનદાર, શોપીંગ સેન્ટર | ૨૦૦૦ |
| શૈક્ષણિક ઈન્સ્ટીટ્યુટ/ ખાનગી ધંધાની કચેરીઓ/ ઔદ્યોગિક એકમો | ૩૦૦૦ |
| કોમ્યુનિટી હોલ/ પાર્ટી પ્લોટ/ ખુલ્લામાં મંડપ બાંધીને | ૩૦૦૦ |
| મીઠાઈ/ ફરસાણની દુકાન | ૩૦૦૦ |
| હોસ્પિટલ/ દવાખાના (બાયો. મેડી. વેસ્ટ) | ૫૦૦૦ |
| હોટલ/રેસ્ટોરન્ટ/ ગેસ્ટ હાઉસ | ૫૦૦૦ |

# શહેરમાં રોગચાળાનો ભય

### શહેરમાં પાણીજન્ય રોગ અને વાઈરલ ફિવરના દર્દીઓની સંખ્યામાં વધારો થતાં તંત્ર એલર્ટ : અખાદ્ય ચીજોનો વેપલો વધ્યો, કમળા-ટાઈફોઈડના પણ છુટા છવાયા કેસો નોંધાયા : સુપર ક્લોરીનેશન માટે પણ માર્ગ-મકાનને જણાવાયું

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરમાં વધતા જતા વાઈરલ ફિવર અને પાણીજન્ય રોગોના કેસોને પગલે આરોગ્ય તંત્રને એલર્ટ મોડ પર કામગીરી કરવા માટેની તાકીદ કરવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૨, ૩૦, સે. ૨૧, જુના-નવા સચિવાલય, સે. ૨૪, સે. ૧૩ સહિતના વિસ્તારોમાં પાણીજન્ય રોગચાળાના કેસોમાં નોંધપાત્ર વધારો નોધાયો છે.

શહેરમાં કમળાના, ટાઈફોઈડના દર્દીઓ પણ છુટા છવાયા મળી રહ્યા છે. મળતી બિન સત્તાવાર વિગતો પ્રમાણે વાઈરલ ફિવર અને પાણીજન્ય રોગોના કેસમાં અંદાજે ૧૦ થી ૧૨ ટકા સુધીનો વધારો જોવા મળી રહ્યો છે. શહેરના વિવિધ સેકટરોમાં તાવના કેસોની સંખ્યામાં પણ સારો એવો વધારો થવા પામ્યો હોવાનું જાણવા મળેલ છે.

ગાંધીનગર શહેરમાં પેટમાં થતા દુઃખાવા, ગેસ, એસીડીટી ઉપરાંત તાવ, માથુ પકડાવુ તેમજ સાદા ઝાડાના કેસો વધી રહ્યા છે. શહેરમાં વાહકજન્ય રોગચાળો ફેલાવતા મચ્છરોની ઉત્પત્તિ માટેનું સાનુકૂળ વાતાવરણ છે પરંતુ મેલેરિયા અને ડેન્ગ્યુના કેસો પ્રમાણમાં ઓછા નીકળી રહ્યા છે.

ગાંધીનગર શહેર માટે અલગ આરોગ્ય નીતિ તૈયાર કરવાની વાતો ફાઈલોમાં ધરબાઈ જવા પામી છે. તો શહેરમાં અખાદ્ય પદાર્થોનું ખુલ્લેઆમ વેચાણ થઈ રહ્યું છે. સ્વચ્છતા અભિયાનનું સુરસુરિયુ પુરવાર થતુ હોય તેવી પરિસ્થિતિ પ્રવર્તી રહી છે.

શહેરમાં ગંદકીનું પ્રમાણ હતુ તેના કરતાં વધી રહ્યું છે. ડોર ટુ ડોર કચરા કલેકશનમાં પણ હજુ સમગ્ર શહેરને આવરી લેવામાં તંત્ર ઉણુ ઉતર્યું છે.

શહેરની સરકારી હોસ્પિટલમાં પણ દર્દીઓ સવારથી જ તાવ અને વાઈરલ ફિવરથી ઝડપાયેલા જોવા મળી રહ્યા છે. મોટી સંખ્યામાં દર્દીઓ નોંધાઈ રહ્યા છે. શહેરમાં વધતા જતા કેસોને ધ્યાને રાખી એલર્ટ મોડ પર કામગીરી કરવાની ચેતવણી આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

દરમ્યાન આરોગ્ય સત્તાવાળાઓએ પણ પેયજળમાં સુપર ક્લોરીનેશન સાથે પુરવઠો આપવા માટે માર્ગ-મકાન વિભાગને

● અનુસંધાન પાન-૭ પર

## આજે પ્રભારી સચિવ આરોગ્ય વિષયક સેવાઓની ખાસ સમીક્ષા કરશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં આરોગ્યની સ્થિતિને લઈ આજે જિલ્લાના પ્રભારી સચિવશ્રી એમ.એસ. ડાગુરે એક ખાસ સમીક્ષા બેઠક બોલાવી છે.

જિલ્લાના શહેરી વિસ્તારો તેમજ અન્ય વિસ્તારોમાં પાણીજ્ય રોગચાળા અને વાહકજન્ય રોગચાળો જે રીતે માથુ ઉંચકી રહ્યો છે તેને લઈ આ સમીક્ષા બેઠક યોજવામાં આવી છે.

રાજ્ય સરકારના આરોગ્ય વિભાગો પણ દરેક પ્રભારી સચિવને આવી બેઠકો કરવા તેમજ સરપંચો અને નગરપાલિકાઓના ચૂંટાયેલા પ્રતિનિધિઓનું સંમેલન યોજવા તેમજ આ માટેની જનજાગૃતિ કેળવવા માટે સૂચવ્યું છે.

ગાંધીનગર જિલ્લામાં ડ્રેનેજ સિસ્ટમ અને વોટર સપ્લાયનું મેપીંગ કરી આપવા પૂર્વ કલેક્ટર શ્રી સ્વરૂપે તાકીદો વારંવાર કરી હોવા છતાં હજુ સુધી મેપીંગ નહિ થયુ હોવાથી તેમજ લીકેજીસ શોધવામાં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ઉદાસીનતા સામે હવે તંત્ર કડક કાર્યવાહી કરે તેવા નિર્દેશો મળી રહ્યા છે.

શહેર અને જિલ્લામાં સ્વચ્છતા અભિયાનને નવો વેગ આપવા તેમજ પેયજળના સુપર ક્લોરીનેશન સહિતના પગલાંઓ અંગે આજની બેઠકમાં ચર્ચાઓ થશે તેમ મનાઈ રહ્યું છે.

ગાંધીનગર તાલુકાના સરહદી વિસ્તારોમાંથી છુટા છવાયા કોલેરાના કેસો મળી રહ્યા છે તેને લઈ પણ આ બેઠકમાં કોઈ નક્કર પગલાં સૂચવવામાં આવે તેવી શક્યતાના નિર્દેશ મળી રહ્યા છે.


બીન સચિવાલય કલાર્ક 2444 જગ્યાઓ
પરીક્ષાની તારીખ 16-11-2014
પ્રવેશ ફોર્મ ભરવાના ચાલુ છે
રેવન્યુ તલાટી 1300+ જગ્યાઓ
સંભવિત ઓગસ્ટ-2014
(વર્ગ-3) માટે ખાસ બેચ
માસ્ટર કોર્ષ-2014
(4 માસનો અભ્યાસ ક્રમ)
♦ ગુજરાતી વ્યાકરણ/સાહિત્ય ♦ ગણિત ♦ બુદ્ધિ ચાતુર્ય કસોટી ♦ અંગ્રેજી વ્યાકરણ ♦ સામાન્ય જ્ઞાન ♦ કોમ્પ્યુટર ને લગતા પ્રશ્નો
સંપૂર્ણ અદ્યતન સાહિત્ય FREE
2000 થી 2014 સુધીના તમામ પેપરોનું સોલ્યુશન
દર અઠવાડિયે ટેસ્ટ દ્વારા સફળ પરીક્ષણ

ગાંધીનગર

| | | |
|---|---|---|
| 20.08.2014 | બપોરના 12-45 થી 2-15 | સોમ થી શુક્ર |
| 26.08.2014 | બપોરના 4-15 થી 5-45 | સોમ થી શુક્ર |
| 05.09.2014 | સવારના 8-45 થી 11-45 | શનિ / રવિ |
| 19.09.2014 | બપોરના 12-00 થી 3-00 | શનિ / રવિ |

મહેસાણા

| બેચ શરૂ તા. | બેચનો સમય | ભણવાના દિવસ |
|---|---|---|
| 21.08.2014 | બપોરના 12-15 થી 1-45 | રવિ થી ગુરૂ |
| 28.08.2014 | બપોરના 2-00 થી 3-30 | રવિ થી ગુરૂ |

ફી માત્ર ₹ 11,000/- (F) ₹ 14,000/- (M)
1994થી સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવતી સંસ્થા...
TCCI EDUCATION PVT. LTD.
ગાંધીનગર 9537614606 — પ્લોટ 328/2, પ્રથમ માળ, ઘ-2 થી ચ-2ની વચ્ચે, દેના ગુજરાત ગ્રામીણ બેંક પાસે, સેક્ટર-7/A. સંપર્ક : સોમ થી શનિ (બપોરના 3.00 થી 5.30 સુધી)
પ્રથમ માળ, શિરામ પ્લાઝા, આયર્ન વર્લ્ડ વાડીની બાજુમાં, માનવ આશ્રમ ચોકડી, વિસનગર રોડ. સંપર્ક : સોમ થી શનિ (સવારના 10.00 થી 4.30 સુધી) — મહેસાણા 9537614607
પેથાપુરમાં એડમિશન માટે ગાંધીનગર શાખામાં મળવું.



હવે મેળવો
11.36% દ.વ.*
૬૦ મહિના મુદતની
ડીસીબી ફિક્સ્ડ ડિપૉઝિટ પર
આપની જમા રાશિને ૮ વર્ષ ૧ માસમાં બમણી કરો!!*
ડીસીબી ફિક્સ્ડ ડિપોઝીટ ખોલાવો અને મેળવો એક સ્ટાઈલિશ લેપટોપ બેગ, તદ્દન મફત!^



ડીસીબી બૅંક
સેક્ટર 16, ઘ રોડ, ગાંધીનગર
કૉલ કરેઃ 9825647075 / 9879204002 / 65730141
DCB Bank Limited (Formerly Development Credit Bank Limited)
DCB BANK